દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં એપ્રિલ-૧૭ થી જુલાઇ-૧૭ સુધીના સમયગાળા દરમ્યાન Non-NFSA કુટુંબો તથા રેશનકાર્ડ ન ધરાવતા કુટુંબોને વિતરણ કરવામાં આવેલ ઘઉં અને ચોખાની પડતરકિંમત અને સબસીડીના દર મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવક્રમાંકઃ પીડીએસ/૧૦૨૦૧૭/૩૧૬/ક-૧
અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા.૧૩/૧૦/૨૦૧૭

વંચાણે લીધાઃ-

(૧) વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૯/૯/૧૬ નો ઠરાવ

(૨) ભારત સરકારનો તા.30/૫/૨૦૧૭ નો પત્ર ક્રમાંક : 6-1/2016--BP.III

(3) વિભાગનો તા.૧૨/૭/૧૬ નો ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૯૭/૨૯૨૫/ભાગ-3/ક

(૪) નિયામકશ્રી, અ.ના.પુ. નો તા.૫/૮/૧૭ તથા તા.૨૧/૯/૧૭ નો પત્ર ક્રમાંક : પીડીએસ/અછત/ રાહતવિષય/૪૩૫૬/૨૦૧૭

આમુખ :-

ઉકત સંદર્ભ (૨) માં દર્શાવેલ પત્રથી ભારત સરકારે દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં એપ્રિલ-૨૦૧૭ થી જુન-૨૦૧૭ સુધીના સમયગાળા માટે MSP (Minimum Support Price) ના ભાવથી અનાજ વિતરણ કરવા માસિક ૪૧.૧૧૧ ટન ઘઉં અને માસિક ૧૭.૬૧૯ ટન ચોખાની ફાળવણી કરેલ છે.

ભારત સરકારે કરેલ ઘઉં-ચોખાની ફાળવણીનો જથ્થો ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડે પ્રતિ કિવન્ટલ ઘઉં રૂ.૧૬૨૫/- તથા ચોખામાં રૂ.૨૨૫૩.૭૩ લેખે એફ.સી.આઇ. માં નાણાં ભરી જથ્થાનો ઉપાડ કરી દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં ઘઉં તથા ચોખાનું વિતરણ કરેલ છે. જે અન્વયે દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં Non-NFSA કુટુંબો તથા રેશનકાર્ડ ન ધરાવતા કુટુંબોને કરવામાં આવેલ અનાજના વિતરણ માટેના ઘઉં અને ચોખાની નિગમના વહીવટી ખર્ચ સહિતની પડતર તથા સબસીડીના દર મંજુર કરવા ઉકત સંદર્ભ (૪) ના પત્રથી નિયામકશ્રી, અ.ના.પુ. એ સરકારને દરખાસ્ત કરેલ છે. દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં Non-NFSA કુટુંબો તથા રેશનકાર્ડ ન ધરાવતા કુટુંબોને વિતરણ કરેલ ઘઉં તથા ચોખાની પડતર કિંમત તથા સબસીડીના દર નકકી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

(૧) આથી પુખ્ત વિચારણાને અંતે દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં Non-NFSA કુટુંબો તથા રેશનકાર્ડ ન ધરાવતા કુટુંબોને વિતરણ કરેલ ઘઉં તથા ચોખાની પડતર કિમત તથા સબસીડીના દર નીચે મુજબ મંજુર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| અનાજનો પ્રકાર | પડતર કિંમત રૂ. (પ્રતિ કિવન્ટલ) | વિતરણ ભાવ રૂ. (પ્રતિ કિવન્ટલ) | સબસીડીના દર રૂ. (પ્રતિ કિવન્ટલ) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ઘઉં | ૧૯૩૩.૭૯ | ૨૦૦ | ૧૭૩૩.૭૯ |
| ચોખા | ૨૬૧૦.૨૭ | ૩૦૦ | ૨૩૧૦.૨૭ |

(૩) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડે દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં કરેલ અનાજ વિતરણ માટે ઘઉં તથા ચોખાની પડતર કિંમતના આધારે સબસીડીની રકમ (કોલમ-૪ મુજબ) મેળવવા માટે બીલો નિયામકશ્રી, અ.ના.પુ. ગાંધીનગરને રજુ કરવાના રહેશે.

(૩) રાજયના દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં Non-NFSA કુટુંબો તથા રેશનકાર્ડ ન ધરાવતા કુટુંબોને કરેલ અનાજ વિતરણ અંગે થનાર સબસીડી અંગેનો ખર્ચ વર્ષ ૨૦૧૭-૧૮ માં અન્ન સલામતી યોજનામાં કરવામાં આવેલ બજેટ જોગવાઇ હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૭/૧૦/૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આર.કે.પટેલ )
સેકશન અધિકારી
અ.ના.પુ.અને ગ્રા. બા.વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

૧. નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા સચિવાલય, ગાંધીનગર
૨. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી.ગાંધીનગર
૩. માન.મંત્રીશ્રી (અ.ના.પુ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૪. માન.મંત્રીશ્રી (નાણા વિભાગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૫. અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા.વિ. સચિવાલય, ગાંધીનગર

૬. અધિક મુખ્ય સચિવશ્રી (નાણા વિભાગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૭. એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ

૮. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર

૯. સીસ્ટમ મેનેજર (ઠરાવની નકલ ઓનલાઈન મુક્વા સારૂ)

૧૦. સીલેક્ટ ફાઇલ